# વાયડામિત્ર

વર્ષ : ૧૦૦ માર્ચ- ૨૦૨૨ અંક : ૩
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)
R.N.I No.: 6316/57




By : Divya Parikh

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

માર્ચ – ૨૦૨૨, પ્રત–૧૧૨૬, વર્ષ–૧૦૦, અંક–૩

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી)   ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

ભારતમાં: રૂ.૩૦/–(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), વિદેશમાં : રૂ. ૫૦૦૧/–

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ–મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# લાગણી



અનંતા અને નિમિષના લગ્ન થયે હજુ છ મહિના જ થયા હતા. નિમિષ મિકેનીકલ અન્જિનીયર હતો અને એક સારી કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતો હતો. કંપનીની હેડ ઓફિસ વડોદરામાં હતી. ત્યાં બે વર્ષ કામ કર્યા બાદ તેના શાનદાર કામને લીધે તેને અમદાવાદની બ્રાન્ચમાં બ્રાન્ચ મેનેજર તરીકે મૂક્યો હતો. અનંતાનું પિયર વડોદરામાં હતું. તેની માતા દસેક વર્ષ અગાઉ શ્રીજીચરણ પામી હતી. ત્યારબાદ અનંતાના પિતા દેવેન્દ્રભાઈએ બીજા લગ્ન કર્યા ન હોતા. અનંતા નાનપણથી જ હોંશિયાર અને ધગશવાળી હતી. તેથી માતાના મૃત્યુ બાદ થોડાક જ સમયમાં ઘરનું બધું જ કામ એણે સંભાળી લીધું અને પિતાને સમયસર ઓફિસ જવામાં પણ બધી જ મદદ કરતી હતી. સાથે સાથે એનો અભ્યાસ પણ ચાલુ હતો.

દેવેન્દ્રભાઈએ બે વર્ષ અગાઉ રિટાયર્ડ થયા હતાં. અનંતા પોતાનો અભ્યાસ પૂર્ણ કરી પાંચ વર્ષથી એક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતી હતી. નિવૃત્તિ બાદ દેવેન્દ્રભાઈ અનંતાના લગ્ન માટે તજવીજ કરવા લાગ્યા. જો કે અનંતા એના પિતાને કહેતી કે "પપ્પા, હું લગ્ન કરીશ તો પછી તમારું ધ્યાન કોણ રાખશે ? તમે એકલા ઘરનું, બહારનું બધું કામ કેવી રીતે કરશો? માટે હું લગ્ન કરવા ઈચ્છતી નથી. વળી હું જોબ પણ કરું છુ તેથી મને આર્થિક રીતે કોઈ તકલીફ નહીં પડે." દેવેન્દ્રભાઈ કહેતા કે "બેટા, હવે તો મારી ઉંમર થઈ ગણાય. ગમે ત્યારે મારા માટે ભગવાનનું તેડું આવે. વળી હાલમાં હું તંદુરસ્ત છું અને તારા લગ્ન પછી પણ બધુ કામ હું સંભાળી લઈશ. તું તો જાણે જ છે હું રસોઈ પણ બનાવી શકું છું અને મારી બનાવેલી ચા ના તો તું પણ ખૂબ વખાણ કરે છે. મારા મૃત્યુ પછી તું એકલી પડી જાય અને તને તારું પોતાનું કહેવાય એવું કોઈ તો જોઈએ ને બેટા, માટે જ વહેલી તકે તું લગ્ન કરી લે એ આપણાં બંનેના હિતમાં છે." થોડા જ સમય પછી વડોદરામાં જ રહેતા નિમિષનું માંગુ અનંતા માટે આવ્યું અને બંને વિવાહ સંબંધથી જોડાઈ ગયા. છ મહિના પહેલા તેમના લગ્ન થઈ ગયા. જો કે નિમિષ અમદાવાદમાં જોબ કરતો હતો અને ત્યાં જ કંપનીના મકાનમાં રહેતો હતો. તેથી લગ્ન બાદ અનંતાને પણ અમદાવાદ રહેવા જવાનું થયું. અનંતાને પોતાના પપ્પાની ચિંતા તો હતી પણ એણે મન મક્કમ કરી ઘરને વ્યવસ્થિત કરી બધી વસ્તુઓ ક્યાં ક્યાં મૂકેલી છે

એ બધું પોતાના પપ્પાને સમજાવી દીધું.

એક દિવસની વાત છે. નિમિષ સાંજે ઓફિસથી ઘેર આવ્યો ત્યારે ફ્રેશ થઈ ચા પીતા – પીતા અનંતાને કહ્યું કે "અનુ, પરમ દિવસથી ત્રણ દિવસ માટે મારે વડોદરા હેડ ઓફિસના કામ માટે જવાનું છે. જો તારે આવવું હોય તો બધી તૈયારી કરી રાખજે. તું તારા પપ્પાને ઘેર રહેજે. આપણા લગ્નના છ મહિના બાદ તું તારા પપ્પાને રૂબરૂ મળી શકીશ. તેથી તેઓ પણ ખુશ થઈ જશે. એમને જે કંઈ જોઈતું કરતું હોય એની વ્યવસ્થા પણ તું કરી આપજે. પપ્પાને પણ તને મળવાથી આનંદ થશે." અનંતા પોતાના પપ્પાને રૂબરૂ મળી શકાશે એમ જાણીને ખુશ થઈ ગઈ અને જવા માટેની તૈયારી કરવા લાગી.

નિમિષે અનંતાને એના પપ્પાને ઘેર ઉતારી અને પોતે ઓફિસ ગયો. સાંજે ઓફિસથી એ પહેલા પોતાના સાસરે ગયો. દેવેન્દ્રભાઈએ નિમિષને આવકાર આપી બેસાડયો. અનંતા પણ બહાર આવી અને પોતાને પપ્પાને કહ્યું કે "પપ્પા, આપણા ત્રણેય માટે તમારા હાથે સરસ મઝાની ચા બનાવી દો." નિમિષ પણ ઘણા વખતે પોતાના સસરાના હાથની ચા પીવા મળશે એ જાણી ખુશ થઈ ગયો. અનંતા પણ નાસ્તાની તૈયાર કરવા રસોડામાં ગઈ. દરમ્યાનમાં નિમિષના હાથમાં ત્યાં પડેલું "સુખને એક અવસર તો આપો" નામનું પુસ્તક આવ્યું. પુસ્તક વાંચતા – વાંચતા એમાં પડેલ એક કાગળ પર તેની નજર પડી. એ કાગળ અનંતાએ પોતાના લગ્ન પહેલા લખ્યો હતો જેથી પોતાના લગ્ન બાદ પોતાના પપ્પાને કોઈ તકલીફ ના પડે. એ કાગળમાં લખ્યું હતું કે "પપ્પા, મારા લગ્ન બાદ તમે મારી જરાય ચિંતા કરતા નહીં. તમે પણ ચિંતામુક્ત થઈને જ રહેજો. તમારી ડાયાબીટીસ અને બ્લડપ્રેશરની દવાઓ નિયમિત લેતા રહેજો. શક્ય એટલું વધારે પાણી પીતા રહેજો. બને ત્યાં સુધી તમારા માટે મોળી ચા જ બનાવજો. જો તમારા દૂરના ચશ્મા ના મળે તો પહેલા ડ્રોઈંગ રૂમની કોર્નર ટીપોઈ ઉપર જોજો અને જો ત્યાંથી પણ ના મળે તો બેડરૂમમાં તમારા ઓશિકા પાસે જોજો. ત્યાં જ હશે. કોઈ કામમાં રઘવાટ ના કરતાં. અવારનવાર ફળો લાવીને ખાતા રહેજો. જો મારી યાદ આવે અથવા મારું કોઈ કામ પડે તો તમારા મોબાઈલમાં મારો મોબાઈલ નંબર 'અનુ'ના નામે સેવ કરેલો છે. તે ખાસ યાદ રાખજો અને તરત જ મને ફોન કરજો."

નિમિષે કાગળ વાંચી ફરી પુસ્તકમાં મૂકી દીધો. એટલામાં ચા–નાસ્તો પણ આવી ગયા. ચા–નાસ્તો પતાવી નિમિષ પોતાના મમ્મી–પપ્પાને ઘેર જવા નીકળ્યો. રસ્તામાં એને વિચાર આવ્યો કે મારા સસરાને આ બધી તકલીફો છે. તેથી એમના રૂટીનમાં પણ એમને વધારે સંભાળ રાખવી પડતી હશે. તો પછી જો તે બીમાર પડે તો

એમને કોણ મદદ કરતું હશે ? બીજે દિવસે ફરી નિમિષ સાંજે જ્યારે ઓફિસેથી એના સસરાના ઘેર ગયો ત્યારે ચા–નાસ્તો કર્યા પછી એણે દેવેન્દ્રભાઈ અને અનંતાને થોડીવાર માટે પોતાની પાસે બેસવા કહ્યું. નિમિષે પહેલા તો પોતાના સસરાને જ કહ્યું કે "પપ્પાજી, આવતી કાલે સાંજે હું અને અનંતા અમદાવાદ જવાના છીએ. મારું અહીંના કામ પૂરું થઈ ગયું છે. તો તમારે પણ આવતીકાલે અમારી સાથે જ આવવાનું છે અને કાયમ માટે અમારી સાથે જ અમદાવાદ રહેવાનું છે." દેવેન્દ્રભાઈ અને અનંતા બંને નવાઈ પામતા નિમિષની સામે જોઈ રહ્યા. દેવેન્દ્રભાઈ બોલ્યા "જમાઈરાજા મારાથી દિકરી અને જમાઈ સાથે કાયમ માટે ના રહેવાય. તમારી લાગણી બદલ હું તમારો આભાર માનું છું. વળી, હજુ તો મારી તબિયત પણ સારી છે અને મારું બધું જ કામ હું સારી રીતે કરી શકું છું. તમે અને અનંતા પણ ફોન કરી મારા ખબર અંતર પૂછો જ છો ને ! તેથી મારે કાયમ માટે તમારી સાથે રહેવાનું કોઈ ઔચિત્ય પણ નથી." નિમિષ બોલ્યો, "પપ્પાજી તમારે એવું કાંઈ માનવાની જરૂર નથી. કોણ કહે છે કે તમારાથી દિકરી અને જમાઈ સાથે કાયમ માટે ના રહેવાય. તમે અમારી સાથે રહેશો એટલે અનંતા પણ તમારી બધી સંભાળ લઈ શકશે અને કદાચ તમે માંદા પડો તો પણ અમને તમારી કોઈ ચિંતા રહે જ નહીં. અમારે પણ તમારી પાસે અહીં વડોદરા આવવાની કોઈ જરૂર રહે નહીં. તેથી જ તમારે કાયમ માટે  અમારી સાથે જ રહેવાનું છે." અનંતા પણ લાગણીશીલ થઈ ગઈ અને પોતાના પપ્પાને કહેવા લાગી "પપ્પા, નિમિષની વાત સાચી છે. તમારે કાયમ માટે અમારી સાથે જ રહેવાનું છે. હું તમારી રોજબરોજની ઉપયોગની બધી વસ્તુઓ, દવાઓ વગેરે પેક કરી દઈશ. તમે અમારી સાથે રહેશો એટલે એક વડીલની છત્રછાયા પણ અમને મળી રહેશે. માટે તમે પણ કાયમ માટે અમારી સાથે રહેવા તૈયાર થઈ જાવ.

સહેજ ભીની આંખે દેવેન્દ્રભાઈ માત્ર એટલું જ બોલી શક્યા કે "તમારી બંનેની લાગણી હું સમજી શકું છું. સારું હું તમારી સાથે કાયમ માટે રહેવા આવીશ બેટા."

**– ઝલક ડી. તલાટી, અમદાવાદ**

**(મો.) ૯૯૨૫૨ ૦૫૩૬૦**

**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

**વાયડ મુકામે ચૈત્ર સુદ ૬ તા. ૭–૪–૨૦૨૨ ગુરુવારની સાંજે ૫.૦૦ વાગ્યે હવનમાં શ્રીફળ હોમાશે.**

# યુવાનોને ઉદ્‌બોધન
## તમે ઈચ્છા રાખો તેવા તમે બની શકો



ભલેને તમે ગરીબ કે મધ્યમવર્ગના મા–બાપને ત્યાં જન્મ્યા હો, ભલે ને તમારા મા–બાપ ખૂબ ભણ્યા ન હોય, ભલે ને તમારું બાળપણ રમતમાં અને તોફાનમાં વિત્યું હોય, ભલે ને તમને લાગતું હોય કે કિશોરાવસ્થામાં કરવી જોઈતી મહેનત તમે કરી નથી – પણ તમારું ભવિષ્ય આજથી શરૂ થાય છે. તમારો ભૂતકાળ ગઈકાલની વાત હતી. તમારું ભવિષ્ય આજથી ઘડાવું શરૂ થશે. તમે આજે જેવા થવાની ઈચ્છા રાખશો તેવા તમે કાલે બની શકશો.

આ માટે સૌ પ્રથમ તમારે દ્રઢ ઈચ્છાશક્તિ કેળવવી પડશે કે મારે જીવનમાં સફળ થવું જ છે. મારે બધાના જેવા નહીં પણ બધાથી જુદા પડી આવતા થવું છે. બધા ચાલે તે રસ્તે નહીં, પરંતુ જરા જુદા રસ્તે ચાલવું છે.

Two Roads Diverged in the Wood,
I took the one, less travelled by,
And that made all the difference.

જુદા રસ્તે ચાલવા થોડીક બાબતો ધ્યાનમાં રાખવી પડશે. તે અનુસાર વિચારસરણી ઘડવી પડશે. તે પ્રમાણે જીવન જીવવું પડશે.

તમારા વિચારો તમારા ભવિષ્યનું ઘડતર કરશે. તમે વિચારશો કે મારે મારા વ્યક્તિત્વને વિકસાવવું છે, માટે મારા વ્યવસાયમાં ટોચ ઉપર પહોંચવું છે. મારે આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવી છે તો તમે તેમ જરૂરી કરી શકશો.

The cardinal rule is - you get what you focus on. So Choose to focus on becoming 'Successful Person'.

પ્રથમ પગલું દ્રઢ ઈચ્છાશક્તિ છે તો Positive Thinking એ બીજું પગલું છે. હું આ કરી શકીશ તેવો આત્મવિશ્વાસ તમે ધરાવશો તો તે કેવી રીતે કરવું તેનો માર્ગ તમને જડી

આવશે. તે માર્ગમાં અવરોધો હશે તો પણ તેને તમે નજરઅંદાજ કરશો. તમે સફળતાના માર્ગે ચાલ્યા જ કરશો. Positive Thinking કરનાર કહેશે "I will respect everyone. I will learn from everyone. I will observe everyone. But I will remember that I am not here to be a second-hand human being. In all that I do, the space for No. 1 already has my name engraved on it."

આ માર્ગે ચાલતા તમને અનેક અનુભવ થશે. આ અનુભવો સુખદ જ હોય તે જરૂરી નથી. એટલે જ કહ્યું છે કે – Anybody can think positive when everything is going right. It is when things are not going right then you need to be in the right frame of mind.

તકલીફોનો સામનો કરીને જે કાર્ય કરતો રહે છે તે અંતે સફળતા પ્રાપ્ત કરે છે. When you don't give up, you go up. નજીવી નિષ્ફળતાથી નિરાશ થશો નહીં. મંડયા રહો, નિષ્ફળતા જ સફળતાનો માર્ગ ચીંધશે.

તમારા અનુભવોમાંથી સાચી દિશા તરફ પ્રયાણ કરજો. તમારો પૂરો સમય અને પૂરી તાકાત એમાં વાપરજો. તો જ તમે ધ્યેય પ્રાપ્ત કરી શકશો. યાદ રાખો Effort without direction is activity, Effort with direction is productivity.

સફળ થવા તમારે સામર્થ્ય કેળવવું પડશે. અસમર્થતા માટેનાં કારણો જાણી તેને દૂર કરવા પડશે. એમ કહ્યું છે કે Incompetence is born out of three factors, They are lack of inforamton, lack of understanding and lack of experience. વસ્તુને જાણવી, યોગ્ય રીતે સમજવી અને અનુભવની એરણ પર ચડાવવી જરૂરી છે.

સાતત્ય એ સફળતા માટેની સીડી છે. સાતત્યથી માત્ર સફળતા જ નથી મળતી, ઉચ્ચ ભૂમિકાએ પહોંચી જવાય છે. Consistency is a hallmark of greatness.

– શરદભાઈ શાહ, મહેસાણા
ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર

(Mahatria Rai ના પુસ્તક 'Must and More' ના આધારે)

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# સહેલગાહની કેડીએ...મારો જર્મની પ્રવાસ



સમયની દરેક પળનો ઉપયોગ કરી જાણતા પરફેક્ટનિસ્ટ લોકોનો દેશ એટલે જર્મની. જર્મની નામ સાંભળાતા જ સૌ પહેલા તબિયર, હિટલર, ફેસ્ટીવલ તેમ જ કાર્નિવલ, કાર, ફૂટબોલ, ટેક્નોલૉજી વગેરે માનસપટ ઉપર આવી જાય છે. જર્મનીમાં મને ત્રણ વખત જવાનું સૌભાગ્ય મળ્યું છે. ૨૦૦૨, ૨૦૧૨ તથા ૨૦૧૬. અમૂલ તેમ જ હેવમોર દ્વારા મને આ તક આપવામાં આવી હતી. જર્મની પ્રવાસની સાથે સાથે મને ઈન્સબ્રુક, ઓસ્ટ્રિયા પણ જવાની તક મળી છે. ઈન્સબ્રુક સ્પરોસ્કી મ્યુઝિયમ માટે જાણીતું છે. જર્મનીના પ્રવાસ દરમિયાન મેં મુખ્યત્વે ફ્રેન્કફર્ટ, મ્યુનિચ, હેમ્બર્ગ, કોલોન વગેરેની મુલાકાત લીધી હતી.

સ્કાયસ્ક્રેપર, ફ્લાયઓવર્સ, રિવર, વિવિધ જાતની લેટેસ્ટ કાર જર્મનીની આગવી ઓળખ છે. ડેરી ઉદ્યોગ માટે લેટેસ્ટ ટેક્નોલૉજી, આઈસ્ક્રીમ ઉદ્યોગ માટે વર્લ્ડક્લાસ ફ્રિચર્સ અને પેકિંગ મશીનો, ઓટોમેટીક પાણી બનાવવાની મશીનરી, ઓવર વગેરે જોવા તેમજ ટેક્નોલૉજીની સમજણ લેવા ઘણી બધી ફેક્ટરીઓની મુલાકાત લીધી હતી. સ્ટડી ટુરની સાથે સાથે ફ્રેન્ડફર્ટ, હેમ્બર્ગ, કોલોન, મ્યુનિચ જેવા શહેરોમાં ઓપેરા હાઉસ મ્યુઝિયમ, ચર્ચ, આર્યન બ્રિજ, નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ, હાર્બર્સ, બોટાનિકલ ગાર્ડન્સ, બીએમડબલ્યુ હેડ ઓફિસ, સ્વરોસ્કી મ્યુઝિયમ વગેરે સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

ફૂડ પ્રોસેસિંગ તેમ જ ડેરી ઉદ્યોગમાં જર્મન મશીનરી અને ટેક્નોલૉજી ખૂબ જ પ્રખ્યાત છે અને ક્વોલિટી તેમ જ પરફોર્મન્સ માટે જર્મન ટેક્નોલૉજીની એક આગવી ઓળખ છે. જર્મનીના લોકોને 'પરફેક્ટનિસ્ટ' માનવામાં આવે છે. તેઓ ઈટાલીના લોકોની જેમ મળતાવડા નથી. સમયને ખૂબ જ મહત્વ આપે છે. સમય વેડફતા નથી.

મ્યુઝિયમમાં લેગા લેન્ડ/બીએમડબલ્યુ ઓન ઓફ બસ છે.

જર્મનીમાં 'સમય'ને બહુ જ મૂલ્યવાન ગણવામાં આવે છે. તેઓની ફ્લાઈટ્સ,

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

બસ તેમ જ ટ્રેઇન સેવાઓ સમયસર ચાલે છે. જર્મન બીયર, વાઇન, ટ્રેડિશનલ ફોક મ્યુઝિક અને અલગ પ્રકારના ફેસ્ટીવલ કાર્નિવ જર્મનીનીની એક અલગ ઓળખ છે. બ્લેક ઇંગલ રાષ્ટ્રીય પક્ષી છે, કોર્નફલાવર રાષ્ટ્રીય ફૂલ છે અને ફૂટબોલ રાષ્ટ્રીય સ્પોર્ટ છે.

મ્યુઝિકમાં BMW હેડ ઓફિસ તેમ જ મ્યુનિચ ઓલિમ્પિક ટાવર જોવા તેમ જ માણવાલાયક જગ્યાઓ જોવી જ જોઈએ. મ્યુનિચમાં દર વર્ષે બીયર ફેસ્ટીવલ પણ યોજાય છે. દુનિયામાં જર્મનીને ટેક્નોલૉજીકલ એડવાન્સ રાષ્ટ્ર માનવામાં આવે છે. જર્મન કાર (ઓટોમોબાઈલ) તેમ જ મશીનરીનો કોઈ મુકાબલો જ નથી.

મારા 2002, 2012, 2016 એમ ત્રણેય પ્રવાસમાં જર્મની ખૂબ જ બદલાયેલ લાગ્યું. ડેવલપમેન્ટમાં અગ્રેસર તેમ જ પબ્લિક સુવિધા માટે ‘બેસ્ટ’ મેડિકલ ફેસિલિટી દરેક જર્મન માટે ‘ફ્રી’. જો કે પોલિસી હોવી જરૂરી છે. હાયર એજ્યુકેશન પણ ફ્રી અથવા ખૂબ જ નજીવી ટ્યુશન ફી લઈ આપવામાં આવે છે.

મારી જર્મનીની મુલાકાતની સાથે મેં તેના પડોશી દેશો જેવા કે ઓસ્ટ્રિયા, સ્વિત્ઝરલેંન્ડ, નોર્વે, સ્વિડન વગેરેની મુલાકાત લીધી છે. આ દેશોમાં પણ જોવાલાયક સ્થળો ઉપરાંત ડેરી ફાર્મ, ડેરી પ્લાન્ટ્સ, જાણીતી બ્રાન્ડસની ફેક્ટરી, ઓટોમોબાઈલ ફેક્ટરી વગેરેની મુલાકાત લઈ ડેરી તથા ફૂડ ઉદ્યોગ માટેનું જ્ઞાન લીધુ હતું. આ દેશોના લોકો, તેમની ખાવાપીવાની રહેણી, કલ્ચર વગેરે માટે રસપ્રદ માહિતી એકઠી કરી જિંદગીભરની યાદો સાથે યુરોપનો પ્રવાસ પૂરો કર્યો હતો.

યુરોપ પ્રવાસની રસપ્રદ માહિતી જોઈએ તો નોર્વેમાં લોકોના ટ્રેડિશનલ કસ્ટમ મુજબ ચીઝ તેમ જ વૂડન બોર્ડ અને નાઈફ(ચપ્પા)ની ગિફ્ટ આપવામાં આવે છે. લોકલ વાઈન પણ આપવામાં આવે છે. યુરોપના દેશોમાં સૌથી વધારે મજા નોર્વે, ઓસ્ટ્રિયા, ડેનમાર્ક તેમ જ ઇટાલીમાં આવી હતી. સ્વિત્ઝર્લેન્ડ કરતાં પણ નોર્વે અને ઓસ્ટ્રિયા વધારે રમણીય તેમજ રહેવા લાયક દેશો છે. સ્વિત્ઝર્લેન્ડ ‘ઓવરહાઈપ’ દેશ હોય તેવું લાગે છે. પ્રવાસીઓ આ દેશોના પ્રવાસ વખતે જરૂરી માહિતી એકઠી કર્યા બાદ આયોજન કરે તો પ્રવાસની મજા બેવડાઈ જશે.

આગામી અંકોમાં મારા અન્ય દેશોના પ્રવાસની માહિતી મેળવશું.

– રાજેશ શાહ, અમદાવાદ
મો. 98795 26459

# પ્રાર્થનાનું મહત્વ



પ્રાર્થના એ સુખ, શાંતિ અને સમૃદ્ધિ સુધી પહોચવા માટેના દ્વારનું પ્રવેશ મંત્ર છે. પણ, પ્રાર્થનાથી આ ત્રણ ભાવનાઓ ત્યારે જ અનુભવાય છે જ્યારે કોઈ પોતે તેને અનુભવવા માંગે. પ્રાર્થનાનું જીવનમાં ખૂબ મહત્વ હોય છે.

આજકાલની ભાગદોડવાળી દુનિયામાં લોકો તનથી અને મનથી શાંતિ જેવા શબ્દો કાઢી નાખે છે. પ્રાર્થના આ શાંતિ સમૃદ્ધિ સુધી પહોચવાનું માધ્યમ છે. જેમ શરીરને સાત્વિક ખોરાકની જરૂર છે એમ હૃદય માટે પ્રાર્થનાએ જ ખોરાક છે. પ્રાર્થના મનને શાંતિ તો આપે છે સાથે હૃદયને પણ સ્વચ્છ કરે છે. આપણું મન એક ઘડો છે. આ ઘડો આપણી રોજિંદા જિંદગીમાં વિચારોથી ભરી દઈએ છીએ. સમૃદ્ધિ સુધી ત્યારે જ પહોચાશે જ્યારે આપણે આંતરિક શાંતિ નો સ્વીકાર કરશું અને ત્યાં સુધી પહોંચવા આ ઘડને ખાલી કરવો ખૂબ જરૂરી છે. જેટલા પણ સંત સાધુ છે તે પ્રાર્થનાથી જ એમના સમૃદ્ધ સ્થાને પહોંચી શક્યા છે. જ્યારે મન અશાંત હોય છે ત્યારે એની ઉપર વિચારો ના પડદા ઘેરાઈ જાય છે. આ પડદા જો પ્રાર્થનાથી કોઈ હટાવે તો તે પોતાની જાતને સત્ય રીતે જાણી શકે.

આપણે પ્રાર્થના કરવાથી આપણે એક આંતરિક શાંતિ અનુભવીએ છીએ. પ્રાર્થના તમને તમારી ભાગદોડ ભરેલી જિંદગીથી બે ત્રણ ક્ષણો માટે શાંતિના માર્ગે લઈ જાય છે. એ તમને તમારા બધા સુખ-દુ:ખ ભુલાવી ભગવાનના ચરણોમાં પહોંચાડે છે. આજકાલના મોહ-માયા ભર્યા જીવનમાં લોકોએ પ્રાર્થનાને એક માંગણીપત્ર બનાવી દીધું છે. લોકો ભગવાન પાસે પૈસા, મિલકત, માન એવું બધું માંગે છે. જો સાચ્ચા દિલથી પ્રાર્થના કરો તો તમારી પ્રાર્થના જરૂરી પૂરી થશે. મોહથી ભરેલી પ્રાર્થના એ નુકશાન જ પહોંચાડશે. પ્રાર્થનાથી ભલે લોકોનો ભગવાન ઉપર ભરોસો જાગૃત થાય છે પણ પ્રાર્થનાથી તમે પોતાને જ શુદ્ધ કરો છો. પ્રાર્થના એક એવી વસ્તુ છે જેનાથી તમે એક હકારાત્મકતાની ભાવના જાગૃત કરો છો. જેનાથી તમારું હૃદય શુદ્ધ થાય છે. હવે કોઈ એવું કહે કે પ્રાર્થના કરવા

કરતાં આપણે પોતાને જ એવા મજબૂત બનાવીએ, તો પ્રાર્થનાની જરૂર શી ? દરેક માણસ પોતાનું ભાગ્ય સાથે લઈને આવે છે અને જાય છે પણ તોય એ ચિંતા કરે છે, શું હું આ કામ કરી શકીશ ? શું મારાથી આ નઈ થાય તો ? આ બધી ચિંતાઓ હટાવી અને પોતાના પર વિશ્વાસ બેસાડનાર ક્રિયા એ જ પ્રાર્થના. પ્રાર્થના ભગવાન સાથે પોતાના પર પણ વિશ્વાસ વધારે છે એટલે જ દરેક શુભ કામ પહેલા આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. પ્રાર્થના એ હૃદયનું સ્નાન છે. કોઈ માને કે ના માને સાચ્ચા મનથી મોહ વગર પ્રાર્થના કરીએ તો પોતાને શાંતિ જરૂર મળશે.

– પ્રિયાંશ પરીખ, અમદાવાદ

★★★

Name: Shalin Parikh (USA)
Father Name: Amit Gordhandas Parikh (Ahmedabad)
Gynati: Dasha Vayda Vanik (Kadi)
Birth Date: 15/01/1994
Height: 5’11"  Weight: 84 kgs
Location: Boston, Massachusetts, USA
Profession: Regulatory Affairs Specialist at Medtronic, Inc (Boston, Massachusetts)

: Academic :

1. Bachelor of Engineering (B.E), Biomedical Engineering - L.D College of Engineering, Ahmedabad, India
2. Master of Science (M.S), Biomedical Engineering - University of Texas (UT) – San Antonio, USA

Contact: Amit Parikh - 98250 12301

: Girl Preference :

Birth Year - 1993 - 1997, U.S Visa: H1B Visa or F1 Visa,
U.S Residency: Green Card Holder or Citizen,
Indian Citizen willing to settle in USA

# THE SOLDIERS OF INDIA.



TO BRAVE SOLDIERS, I want to thanks you for protecting me and making us feel safe and secure. I am dedicating this poetry as a sign of my gratitude towards your services to the nation.

The Soldier of India
Canfight any foe
At any altitude
High or low.

The soldiers of India
Stays away from family
Be it any festival
Eid or Diwali

The Soldiers Of India
Stays hungry 24/7
Stays thirsty round the meek
And still fight the freaks,
And save the innocent and weak

The soldiers of India
Is the saviour of you and me,
Helping us live happy and free,

Thank you for being the Atlas of India
Thank you for being the fire of India.

**— Harshil Parikh, Ahmedabad**
**Age 11, Ugdam School**

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

## સફળતાનું રહસ્ય



સફળતા સૌને ગમે છે અને છતાંયે જીવનમાં આપણે જાણીએ છીએ તેમ નિષ્ફળ માણસોની સંખ્યા સફળ લોકો કરતા ઘણી વધારે છે. આપણી અંદર રહેલી શક્તિઓનો વિકાસ કરવામાં આવે તો જીવનના કોઈ પણ ક્ષેત્રે સફળતા મળી શકે છે. મન કલ્પવૃક્ષ છે ! જેની ઈચ્છા રાખશો એ પામશો. આપણે જેની ઈચ્છા કરીએ તેમાં આપણી સમસ્ત કલ્પના શક્તિ રેડાવી જોઈએ. આપણું લક્ષ્ય આપણી સમક્ષ એકદમ સ્પષ્ટ હોવું જોઈએ. સફળતાનું આ રહસ્ય છે કે તમે જેટલી સ્પષ્ટતાપૂર્વક તમારી સામે રહેલા સ્વપ્નની પ્રતિ જોઈ રહ્યા છો એટલી જ સ્પષ્ટતાપૂર્વક તમે ઈચ્છિત લક્ષ્યને જોશો તો તમારા અંતર્મનમાં ઘર કરેલી બધી શક્તિઓ બહાર આવી તમારે સ્વપ્નને સાકાર બનાવી દેશે.

એક મિત્રનાં પત્ની માંદા પડ્યાં. હોસ્પિટલમાં એમને દાખલ કર્યા. એમને રોગ તો આમ કશો ન હોતો પણ એમને બીક પેસી ગઈ હતી કે હવે ટૂંકમાં જ તેઓ મરણ પામશે. એ બીકે દિવસમાં બે ત્રણ મૂર્ચ્છા આવી જતી. બીકે તો એમના પર એવી તો સજ્જડ પકડ જમાવી કે દાદરો ઉતરતાં ય બીવા માંડ્યા. એમને થતું કે એ દાદરાં પરથી પડી જશે અને તરત મરણ પામશે ! મિત્રે પૈસાનું પાણી કર્યું પણ ડોક્ટરોએ કંઈ કરી શકવાની અશક્તિ દર્શાવી. મિત્ર નિરાશ થઈ બેઠા. એક વડીલને વાત કરી તો વડીલે એમને કહ્યું. 'તમે જરા પણ ચિંતા ન કરો. તમારી પત્નીને લઈને મારે ઘરે આવજો.' મિત્ર એમની પત્નીને લઈ બીજે દિવસે એ વડીલને ત્યાં ગયા. એમણે મિત્ર પત્નીનો હાથ જોયો (એ કંઈ જ્યોતિષી ન હોતા) અને વિશ્વાસભર્યા સ્વરે બોલ્યા– 'જુઓ બહેન, તમને કોઈ ગોળીએ દઈ દેને તોય તમે અઠ્ઠાવન વર્ષ પહેલાં મરવાનાં નથી, તમે ઝેર લેશોને તો એનીય અસર તમને નહિ થાય, મૃત્યુની બીક તમારા મનમાંથી સદંતર કાઢી નાખો. એમ ધારી લો કે તમે એકદમ સાજા થઈ ગયા છો.' વિધિનું કરવું તે મિત્રની પત્નીને શ્રધ્ધા બેઠી. બસ તે દિવસની ઘડી ને આજનો દિવસ એ પછી નથી કોઈ દિવસ મૂર્ચ્છા આવી કે નથી મૃત્યુની બીકે વિહ્વળ થયા. આ પ્રયોગ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. જો રોગી પોતાના રોગને દૂર થયેલો માની પોતાને સ્વસ્થ કલ્પે તો એ જલ્દી સાજો થઈ જવાનો એ સત્ય છે. સર્વ શક્તિઓનો સ્રોત આપણી અંદર જ છે. પોતાનું ભવિષ્ય આપણે સ્વયં નિર્માણ કરી શકીએ છીએ તે નિશ્ચિત સત્ય વાત છે.

– દિલીપ શાહ, મુંબઈ, મો.૯૬૮૯૯ ૧૨૧૪૮

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

# મોબાઈલ મેનિયા



સાડા પાંચ ઇંચના લંબચોરસ ટુકડામાં દુનિયા સમાઈ ગઈ છે. માણસ તેમાં ખોવાઈ ગયો છે. આખું વિશ્વ સંકોચાઈને તમારી હથેળીમાં રહેલા નાનકડા સ્માર્ટ ફોનમાં આવી ગયું છે. મોબાઈલ (સાચું નામ – સેલ ફોન)નો સ્ક્રીન બ્લેકહોલ બની ગયો છે. કમ્પ્યુટર અને કેમેરા બધું જ તેમાં આવી ગયું. તમારી ઘડિયાળ સૌથી પહેલા તેમાં ગરક થઈ ગઈ, ત્યારબાદ કેલક્યુલેટરનો વારો આવ્યો. તમારે બહાર જવું હોય તો 'ઉબેર'ને મોબાઈલ બોલાવે. રસ્તો (GPS) પણ મોબાઈલ બતાવે. રેસ્ટોરન્ટ કે મોલનું સજેશન પણ તે જ આપે. ક્રેડિટ કાર્ડ અને ડેબીટ કાર્ડ જૂના થઈ ગયા. હવે તો બસ, મોબાઈલના સ્ક્રીન પર આંગળી ફેરવો અને અલાઉદ્દીનના જાદુઈ ચિરાગની જેમ તમારું કામ કરી આપે. માણસના બધા જ સંબંધો મોબાઈલમાં પૂરાઈ ગયા છે. મોબાઈલ ફોન અત્યારે જગતનું સૌથી ઉપયોગી ગેઝેટ બની ગયું છે. તેની ટીકા કરવાનો કે તેને નકામો કહેવાનો કોઈ અર્થ નથી.

પણ મોબાઈલ ફોનમાં દુનિયા સમાઈ જાય અને મોબાઈલ જ તમારી દુનિયા બની જાય તેમાં ફર્ક છે. આ તફાવત વિશે વાત કરવી જરૂરી છે અને વાત વણસી જાય તે પહેલા ચેતી જવાનું અનિવાર્ય બનતું જાય છે.

૮૫ ટકા લોકો સવારે જાગે તેની પહેલી દસ મિનિટમાં ફોન ચેક કરે છે. માણસ જમતી વખતે, ચાલતી વખતે, વાહન ચલાવતી વખતે, ધંધા કે નોકરીના સમયે, ભણતી વખતે, સ્વજનની સાથે વાત કરતી વખતે, બાથરૂમમાં, ટી.વી. જોતી વખતે, સંગીત સાંભળતી વખતે, ઘરનું કામ કરતી વખતે, રસોઈ કરતી વખતે, બાળકોને તૈયાર કરતી વખતે પણ મોબાઈલ ચેક કરતો જ રહે છે. માણસને સતત મોબાઈલ જોતા રહેવાની ટેવ જ પડી ગઈ છે.

તમે કેટલી વખત ફોન ચેક કરો છો ? તેના કરતાં મોબાઈલ વગર તમને કેટલો સમય ચાલે છે ? તે પ્રશ્ન પૂછવા જેવો છે. સારું છે કે, ઊંઘમાં આંખ બંધ હોય છે, નહીં તો તે સમયે પણ માણસ મોબાઈલ જોવાનું ચાલુ રાખે.

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

મોબાઈલને કારણે સમયનું ભાન રહેતું નથી. માણસ વધુમાં વધુ ૧૨ મિનિટ સરેરાશ મોબાઈલ જોવા વગર રહી શકે છે. માણસ સવારે બ્રશ કરે તે પહેલાં જ મોબાઈલમાં ગુડમોર્નિંગના મેસેજ પોસ્ટ કરવાનું ચાલુ કરી દે છે. માણસને સવારે ઉઠતાં વેત પોતાની પ્રિય વ્યક્તિ યાદ આવવી જોઈએ પણ હવે પહેલા મોબાઈલ (પ્રિય વસ્તુ) યાદ આવે છે. જો તમારા પ્રિયજન દૂર હોય અને સવારે આંખ ઉઘડતાં જ તેનો મેસેજ આવ્યો કે નહીં તે ચેક કરવા હોય તો તમને તેને માટે માફી આપવી પડે.

માણસ પ્રેમમાં પડે એ ગુનો નથી પણ મોબાઈલના પ્રેમમાં પડી જતા હો તો ચેતી જવું સારું. માણસ એક મિનિટ પણ મોબાઈલથી દૂર રહી શકતો નથી. મોબાઈલ દૂર હોવાના ભયને 'નોમોફોબિયા' કહે છે. તમે ઘરની બહાર નીકળો અને ફોન ઘેર રહી ગયો હોય તો સતત અસુખ રહ્યા કરે છે. ભાઈનો ચહેરો જોવા જેવો હોય છે, મન મૂંઝાયેલું રહે છે. માણસને સતત મોબાઈલ જોવાનું વ્યસન થઈ જાય છે. મોબાઈલના વ્યસનથી કેન્સર થાય ? ના, તેનાથી પણ વધુ ગંભીર બિમારી થાય જે માનસિક છે. માણસ હંમેશાં રઘવાયો રહે છે. માણસ આભાસી દુનિયામાં જીવે છે. વાસ્તવિક જગત સાથે નાતો ઓછો થતો જાય છે. માણસ સતત નીચું જોતો હોય છે. જેથી ગરદનની સમસ્યા થાય છે, જેને 'ટેક્સ્ટનેક' કહે છે. હવે આ મોબાઈલ શંકાનું સ્થાન ધારણ કરે તો જીવનમાં બહુ મુશ્કેલી ઉભી થાય છે જે ડીવોર્સમાં પરિણામે છે.

તમને જાણીને આશ્ચર્ય થશે કે આ વ્યસન તમને અજાણપણે લગાવવામાં આવે છે અને આ વ્યસન સતત ચાલુ રહે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. મનોચિકિત્સક કહે છે – માણસને થ્રિલ મળે તે માટે ડોપામાઈન નામનો હોર્મોન જવાબદાર છે. ડોપામાઈન માણસને આનંદિત બનાવે છે. ફેસબુક પર લાઈક મળે એટલે ડોપામાઈનનો સ્ત્રાવ થાય. તમે મેસેજ ખોલો અને તમારી વોલ પર મેસેજ આવ્યા હોય તો ડોપામાઈનનો સ્ત્રાવ થવા માંડે. આ વ્યસન લગાવવાનું કામ વોટ્સઅપ, ફેસબુક, ગૂગલ, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ વગેરે કંપનીઓ કરે છે. તે યૂઝરને જકડી રાખે છે. તમે એક ફોટો અપલોડ કરો પછી થોડી થોડી વારે જોશો કે કેટલી લાઈક મળી, કેટલી કોમેન્ટ આવી, કેટલા શેર થયા ? હમણાં એક દિવસમાં માત્ર આઠ કલાક માટે વોટ્સઅપ અને ફેસબુકની સેવાઓ ટેકનીકલ ખામીને કારણે બંધ રહી, તેમાં તો દુનિયાભરના યૂઝર્સ પરેશાન થઈ ગયા. માર્ક ઝુકરબર્ગ મૂછમાં મરક મરક હસતા હતા.

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

મોબાઈલ કેટલો જોવો જોઈએ ? એવો કોઈ સમયગાળો નક્કી કરી શકાય ત્યારે જ મોબાઈલ વાપરવો ? એવું તે શું આભ તૂટી પડવાનું છે, જો ચોક્કસ સમય માટે મોબાઈલ ન જોવાય તો ? સવારે નવ પહેલા મોબાઈલ નહીં જોવાનો, રાત્રે નવ બાદ મોબાઈલ નહીં જોવાનો. જમતી વખતે મોબાઈલ ન વાપરીએ તો ? સ્વજનો કે સગાઓ સાથે વાત કરતી વખતે મોબાઈલ દૂર રાખીએ તો ?

એક વિચાર આવે છે – મોબાઈલ વગર તમે ન રહી શકતા હો તો, રાત્રે મોબાઈલનું નેટ બંધ કરીએ તો કેવું રહે? રજાના દિવસે નેટ બંધ, પછી જોજો, તમારી પાસે સમય જ સમય હશે. તમે નવરા થઈ જશો એવી લાગણી જન્મશે. તમે તમારી નજીકના લોકો વિશે વિચારશો. તમને લાગશે કે ઘરના માણસો ખરેખર સારા છે. મેં અત્યાર સુધી તેઓ તરફ ધ્યાન જ નહોતું આપ્યું. તમે કુટુંબીજનો સાથે અમૂલ્ય સમય ગાળશો. લોકડાઉનના સમયમાં આપણને બધાંને આ અનભુવ થયેલો, જરા જુદી રીતે.

સોશિયલ મીડિયાએ ખરો દાટ વાળ્યો છે. નબળા મગજનો માણસ બધા જ સમાચાર સાચા માની લે છે. ફેક ન્યુઝનું પ્રમાણ એટલું બધું વધી ગયું છે કે સાચા સમાચાર કોને ગણવા એ પ્રશ્ન થઈ પડે. રાહુલ ગાંધીએ ડાબા હાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી એવી પોસ્ટ બહુ ચાલી હતી પણ આ મિરર ઈમેજ હતી અથવા તો ફોટા મોર્ફ કરીને મૂકવામાં આવે છે. એટલે હવે કોઈ મીડિયમ કે મીડિયાની વિશ્વસનીયતા રહી જ નથી.

સોશિયલ મીડિયાને કારણે દરેક વ્યક્તિ પોતાને લેખક કે કવિ માનતો થઈ ગયો છે. જ્યાં ત્યાંથી જોડકણાં ગોઠવીને પોતાની 'કવિતા'ને પોસ્ટ કરવા માંડે છે અને આ દેશમાં નવરાઓની કમી તો ક્યારેય હતી જ નહીં. પચીસ – પચાસ લાઈક તો એમાં જ મળી જાય અને તેમાંય તેના મિત્રો અને સ્વજનો તો 'વાહ' અને 'અદ્‌ભુત' માટે તૈયાર જ હોય છે. કવિતામાં કાવ્યતત્ત્વ છે કે નહીં તે જોયા કે સમજ્યા વગર લાઈક અને કોમેન્ટ શરૂ થઈ જાય. એટલે બિચારો 'કવિ' સાતમા આસમાને ઉડવા માંડે. એક જણ લખે – ગાંધીએ આ દેશનું સત્યાનાશ કર્યું ?! ખલાસ, સેંકડો માણસો તેની 'હા' માં 'હા' ભેળવવા તૈયાર જ છે. ગાંધીને વાંચવા કે સમજવાની તો વાત જ નહીં. છીછરાપણું આપણામાં પેસી ગયું છે. ઊંડાણથી અભ્યાસ કરવાની વાત તો હવે બહુ દૂરનો વિષય બની ગયો છે.

હમણાં એક મિત્રે વ્યથા ઠાલવી – 'મારી પૌત્રી સતત સેલ્ફી જ લીધા કરે છે. સુંદર

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

દેખાવા મેકઅપ કરતી જ રહે છે. તેણે પોતાના મિત્રનું ગ્રુપ બનાવ્યું છે. ફેસબુક પર સતત ફોટા અપલોડ કર્યા જ કરે છે. સુંદર અને પાતળી દેખાવાના ભ્રમમાં શારીરિક અને માનસિક આરોગ્યને ગંભીર નુકસાન પહોંચાડી રહી છે.' એક નવી બિમારી શરૂ થઈ છે – સેલ્ફી એડીકશનની. માંણસ આખા વર્ષમા જેટલી  તસવીરો ન હોતો પડાવતો, હવે તે એક દિવસમાં પાડે છે અને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરે છે. તમે એક વાત નોંધી, ઓછું ભણેલા લોકો વોટ્સઅપ ચેટીંગ કરવામાં વધુ પાવરધા થઈ ગયા છે.

સોશિયલ મીડિયાને કારણે માણસ એકલો થઈ ગયો છે. કુટુંબમાં પતિ, પત્ની અને બાળકો પોતપોતાના રૂમમાં મોબાઈલમાં વ્યસ્ત છે. મોબાઈલ ન હતા ત્યારે કુટુંબીજનો એકબીજા સાથે વાતો કરતા હતા. ખરા અર્થમાં કુટુંબમેળો ભરાતો. પણ હવે માણસ Virtual World ના મિત્રો સાથે વધુ સમય વીતાવે છે. આ આખી વાત ભ્રામક છે. તેમાં લાગણી નથી, સંવેદના નથી, આત્મીયતા નથી. Real World સાથેનો સંપર્ક તૂટતો જાય છે. આ લખનારે નોંધ્યું કે બગીચામાં સાંજે ચાર – છ જણાં બેઠા હોય તો બધાંની મૂંડી નીચી જ હોય છે. એકબીજા સાથે વાત નહીં કરવાની, બધા ફોનમાં જ મંડયા હોય છે. તમે મોબાઈલમાં ખોવાયેલા માણસનું ધ્યાનથી, તેને ખબર ન હોય તે રીતે, નિરીક્ષણ કરજો. તેની એક અલગ મજા હોય છે. ક્યારેક તે એકલો એકલો હસે છે, ક્યારેક મોં પર ગુસ્સાના ભાવ આવી જાય, ક્યારેક નિરાશ પણ થઈ જાય. ગાંધીજીના ત્રણ વાંદરા મોબાઈલ બની ગયા. કશું બોલવાનુ નહીં, કશુ સાંભળવાનું નહીં અને બીજુ કશું જોવાનું નહીં. સામાન્ય વપરાશ સુધી આમાં કશું અજુગતું નથી. પણ વળગણ બની જાય ત્યારે સમસ્યાઓ સર્જાવા માંડે છે.

પર્યુષણ પર્વ ૨૦૨૧ દરમ્યાન સમાચારપત્રમાં એક સમાચાર વાંચવા મળ્યાં. બેંગ્લોરની જૈન ફાઉન્ડેશન સંસ્થાએ મોબાઈલના વળગણમાંથી થોડોક સમય કાઢી પરિવાર અને અન્ય પ્રવૃત્તિઓને આપી શકાય તે માટે એક નવતર અભિયાન છેડયું હતું. જેમાં પચાસ દિવસના ઈ–ફાસ્ટીંગ કરવાના હતા. ઈ–ફાસ્ટીંગ એટલે ઈલેક્ટ્રોનીક ગેજેટ્સથી દૂર રહેવું. થીમ હતી. મોબાઈલને તમારો માલિક નહીં, નોકર બનાવો. આ લખનારે અમદાવાદની JITO સંસ્થાના મંત્રી ભદ્રેશભાઈ શાહ સાથે વાત કરી. તેમણે કહ્યું કે "મોબાઈલ આપણા માટે કામના છે પણ તે માણસ પર હાવી થઈ જાય અને આપણને નોકર બનાવી દે તે યોગ્ય નથી. અત્યારના જમાનામાં ઈ–ફાસ્ટીંગની તાતી જરૂર છે.' ચેલેન્જ એવી હતી કે

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

૫૦ દિવસમાં સવારે નવ થી રાત્રે નવ સુધી કોઈ ઈ–ફાસ્ટીંગ કરે તેને ૧૨ પોઈન્ટ મળે, રાત્રે નવથી સવારે નવ સુધીમાં ૯ પોઈન્ટ મળે. દરેક વ્યક્તિએ પ્રામાણિકતાથી પોઈન્ટ નોંધવાના અને અંતે પોઈન્ટ સંસ્થાને મોકલી આપવાના હતા. એક પોઈન્ટ બરાબર એક રૂપિયો. આ રકમને જુદી જુદી સંસ્થાઓમાં તમારા નામે દાન કરવામાં આવે. આ અભિયાનમાં ત્રણ હજાર લોકોએ ભાગ લીધો હતો.

હમણાં એક અંગ્રેજી અખબારમાં ફોનને લીધે આપણે કઈ હદે જીવનની પ્રકૃતિગત સંવેદનાઓથી દૂર જઈ રહ્યા છીએ. તેનો લેખ વાંચીને કોલેજની પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીએ જાતઅનુભવ મેળવવા દસ દિવસ માટે મોબાઈલ ફોન નહીં વાપરવાનો નિર્ણય કર્યો. પોતાના મિત્રો સાથે સંપર્કમાં રહેવા માટે લેન્ડલાઈન ફોનનો ઉપયોગ કરશે તેવું તેણે મનથી નક્કી કર્યું.

આ યુવતી ‘મોબાઈલ મેનિયા’ કક્ષાની હતી. તેના માતાપિતા તેને વારંવાર ઠપકો પણ આપતા હતા. તેવામાં જ આ લેખ તેના વાંચવામાં આવ્યો. હવે દસ દિવસમાં તેણે શું અનુભવ્યું તેની રસપ્રદ માહિતી હતી.

યુવતી લખે છે ‘મને જાણે નવી જિંદગીનો અહેસાસ થયો. ખરેખર તો, આ જિંદગી અને અનુભૂતિ મારી આસપાસ જ હતી પરંતુ તેનાથી હું અજ્ઞાત હતી. હવે તેમાંથી જાગૃત થતા હું ખુશી અનુભવું છું.’

આ યુવતી લોકલ ટ્રેન કે બસમાં કોલેજ જતી હતી. મોબાઈલ વગરના દિવસો દરમ્યાન બારી બહારનું જનજીવન જોઈને રોમાંચિત થઈ ગઈ. ઘરની બહાર નીકળતાં જ લારી–ગલ્લાં–વાહનો– દોડતા લોકો – ધડકતી અને ધમધમતી દુનિયા જોઈને અચરજ થયું. યુવતી લખે છે – ‘મારું સમગ્ર અસ્તિત્વ મોબાઈલમાં જ વિલીન થઈ ગયું હતું. હું જાણે અજાણ્યા ગ્રહની હોઉં તેમ મને લાગ્યું. હું એક નવી દુનિયામાં આવી ગઈ.’

આ યુવતીએ દસ દિવસ દરમ્યાન માતા–પિતા, કુટુંબીઓ અને પડોશીઓ સાથે રૂબરૂ સંપર્કમાં જીવંત ધબકારભર્યા સંબંધોનો અહેસાસ કર્યો. તેનાથી તે ભાવુક બની ગઈ. તેના તનાવનું રહસ્ય તેને મળી ગયું. વાતચીત કરવાની પધ્ધતિ જ તે ભૂલી ગઈ હતી. સામી વ્યક્તિ સાથે સંવાદ સાધવો કે ખબરઅંતર પૂછવી તેની મૂંઝવણ અનુભવી હતી.

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

આ યુવતીએ દસ દિવસ બાદ ફરી મોબાઈલનો ઉપયોગ શરૂ કર્યો છે પણ જીવનમાં સંબંધોનું મહત્વ તે સમજી ચૂકી છે. ભલે, મોબાઈલની અનિવાર્યતા છે પણ સામાજિક સંપર્કો જાળવવા વધુ જરૂરી છે. મોબાઈલનો વધુ પડતો ઉપયોગ માણસના લાગણીતંત્રની જીવંતતાને જડ કરી નાખે છે. વિવેકપૂર્ણ ઉપયોગ ન થાય તો આપણા વ્યાવસાયિક અને વ્યવહારિક જીવનને રફેદફે કરી નાંખે છે.

હિન્દુસ્તાન જેટલો મોબાઈલ મેનિયા વિશ્વમાં ક્યાંય નથી. હિન્દુસ્તાન મોબાઈલ વપરાશમાં મોખરે છે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એરિક્સન મોબિલીટી રીપોર્ટ પ્રમાણે હિન્દુસ્તાનમાં 2021 માં પ્રતિ વ્યક્તિ પ્રતિમાસ સરેરાશ 18.4 GB ડેટાનો વપરાશ હતો જે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ છે. અમેરિકામાં 14.2 GB ડેટાનો વપરાશ રહ્યો છે. 2021 માં હિન્દુસ્તાનમાં 81 કરોડ સ્માર્ટ ફોન હતા જે 2027 સુધીમાં 120 કરોડ થઈ જશે.

એપ એની ઈન્ટેલિજન્સનો સર્વે બતાવે છે કે હિન્દુસ્તાનના લોકો રોજના સરેરાશ 5.3 કલાક મોબાઈલ પર વીતાવે છે, જે અમેરિકામાં 4.2 કલાક, ઇંગ્લેન્ડમાં 4 કલાક અને ચીનમાં 3.2 કલાક છે. સોશ્યલ મીડિયા પર આપણે સરેરાશ 156 મિનિટ વીતાવીએ છીએ. વિશ્વની સરેરાશ આ માટે 130 મિનિટની જ છે. આને કારણે વાંચનનો સમય ઘટી ગયો છે. માણસ સમાચારપત્ર વાંચવા માટે સરેરાશ 11 મિનિટ જ ફાળવે છે.

ફરી પેલો પ્રશ્ન – મોબાઈલ વગર રહી શકાય ? મોબાઈલનો નકોરડો ઉપવાસ જો તમે કરી શકતા હો તો અદ્‌ભૂત ફળ મળે. નકોરડો ન થાય તો ફરાળ કરવું એટલે નેટ બંધ – ફોન ચાલુ અને તે ન થાય તો એકટાણું કરવું. કેવો છે ઉપાય ? ટ્રાય કરી જોજો. અઘરો છે પણ ઉપયોગી છે.

– હિમાંશુ શાહ, અમદાવાદ
ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર
મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦

**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

**વાયડ મુકામે ચૈત્ર સુદ ૬ તા. ૭–૪–૨૦૨૨ ગુરુવારની સાંજે ૫.૦૦ વાગ્યે હવનમાં શ્રીફળ હોમાશે.**

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## ભારતમાં વસતીની સમસ્યા તથા ઉપાયો

ઉત્પત્તિ એટલે ઉત્પન્ન સ્થિતિ એટલે સ્થિર અને લય એટલે નાશ કરવો. ઉત્પત્તિનું કામ બ્રહ્માને સોપ્યું, સ્થિતિનું કામ વિષ્ણુને સોંપ્યું અને લય શંકરને સોંપ્યું. આ ત્રણ દેવતાઓના કર્તાહર્તા એટલે શ્રીકૃષ્ણ પરમાત્મા.

શ્રી કૃષ્ણે ભગવાને બ્રહ્માને આજ્ઞા કરી કે 'એકો હમ ન રમ્યતે' માટે તું જગત ઉત્પન્ન કર આથી બ્રહ્માએ મનુને આજ્ઞા કરી કે તું શતરૂપા સાથે લગ્ન કર. તેમાંથી ધીમે ધીમે ધરતીની ઉત્પત્તિ થઈ. આ છે સતયુગની વાત.

વસતીની દ્રષ્ટિએ ઐતિહાસિક રીતે જોઈએ તો પ્રથમ પશ્ચિમના દેશોમાં અમેરિકા વર્ષો પહેલા ઉજ્જડ અને વેરાન પ્રદેશ હતો. આથી વસતી ઘણી જૂજ હતી. ત્યાર બાદ યુરોપના લોકો અમેરિકામાં આવી તેને ત્યાંની સંપત્તિથી અમેરિકાને સમૃધ્ધ બનાવ્યો. આથી ત્યાં પણ વસ્તી વધવા લાગી. પરંતુ દેશ મોટો હોવાથી પ્રમાણમાં વસતી ઓછી કહેવાય.

યુરોપમાં પણ તેના વિસ્તાર પ્રમાણે વસતી ઓછી કહેવાય. બીજા વિશ્વ યુધ્ધમાં જર્મનીની વસતી પર અસર પડી. રશિયામાં પણ વિશ્વયુદ્ધ પછી વસતી ઘણી ઓછી થઈ. ઉત્તર ભાગમાં ઠંડીને હિસાબે પણ વસતીનું પ્રમાણ ઘણું ઓછું છે.

જાપાનમાં પણ વિશ્વયુધ્ધ પછી નાગાસાકી અને હિરોશીમા પર અણુબોમ્બ પડવાથી ઘણા શહેરો ભાંગી પડયા અને વસતીનું પ્રમાણ ઓછું થયું.

ચીન અને ભારતમાં સૌથી વધારે વસતી છે. પહેલા ચીન અફીણી પ્રજા હતી. ઉદ્યોગો વગેરે હતા નહીં. સામ્યવાદ પછી ચીન ઘણું આગળ આવ્યું. અત્યારે વસતી ઓછી કરવા માટે કડક કાયદો લાવ્યા છે.

ત્યારબાદ ભારતની વસતીનો ઈતિહાસ જોવો જોઈએ. ભારતમાં પહેલા અનાર્યો મૂળ પ્રજા હતી. ત્યારબાદ આર્યો ભારતમાં આવ્યા. ખાસ કરીને તેઓ ઉત્તરમાં રહ્યા અને અનાર્યો દક્ષિણ તરફ જવા લાગ્યા. આથી પણ આર્યોના આવવાથી વસતી વધી.

ત્યારબાદ મોગલો અને અફઘાનો આવ્યા. મોગલો ભારતમાં સ્થિર થયા. તેઓનો ધર્મ મુસ્લિમ હતો. આજે પણ ભારતમાં મુસ્લિમની વસ્તી ઘણી છે.

